વિદ્યા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

# પંચશીલ

ક્રિએટીવ સંકુલ દ્વારા સંચાલિત પંચશીલ સ્કૂલનું માસિક


વર્ષ : ૧૧ અંક : ૧૧૦ પેઇજ : ૧૪

સંપાદક : ડૉ. ડી.કે. વાડોદરીયા નવેમ્બર : ૨૦૨૨ સંયોજક : યોગીરાજસિંહ જાડેજા





શિવનગર મેઇન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ.

ફોન : (0281) 2382626, મો. : 88 66 11 00 11, 88 66 22 00 22, 88 66 33 00 33

Web : www.panchshilschool.org, Email : admin@panchshilschool.org, panchshilschool2011@gmail.com



# સ્વર્ગ

ગોપાલ ખૂબ જ આળસુ માણસ હતો. ઘરના લોકો પણ તેની આદતથી કંટાળી ગયા હતા. તે કાયમ જ ઇચ્છતો હતો કે તેને એક એવું જીવન મળે જેમાં તે આખો દિવસ સૂઇ રહે અને જે વસ્તુ જોઇએ એ તેને પથારીમાં જ મળી જાય. પણ આવુ કયારેય ન થયું. એક દિવસ તેનું મોત થઇ ગયું. મૃત્યુ પછી તે સ્વર્ગમાં પહોંચી ગયો. જે તેની કલ્પનાથી પણ સુંદર હતું. ગોપાલ વિચારવા લાગ્યો. કાશ.. આ સુંદર જગ્યાએ હું પહેલા જ આવી ગયો હોત. બેકારમાં ધરતી પર રહીને કામ કરવું પડતું હતું. જવા દો.. હવે તો હું આરામની જિંદગી જીવીશ. તે આવું વિચારી જ રહયો હતો એટલામાં હીરા - ઝવેરાતવાળા એક પલંગ તરફ ઇશારો કરતા તે બોલ્યો તમે તેના પર આરામ કરો. તમને જે જોઇશે એ પલંગ પર જ મળી જશે. આ સાંભળીને ગોપાલ ખૂબ ખુશ થઇ ગયો.

હવે તે દિવસ - રાત ખૂબ ઉંઘતો. તેને જે જોઇએ પથારીમાં જ મંગાવી લેતો. કેટલાક દિવસ આ જ રીતે વીતતા ગયા. પણ હવે તે કંટાળવા લાગ્યો હતો. તેને ન તો દિવસે ચેન હતું ન તો રાત્રે ઊંઘ આવતી. જેવો તે પથારી પરથી ઉઠવા જતો દાસ દાસીઓ તેને રોકી લેતા. આવી રીતે અનેક મહિના વીતી ગયા. ગોપાલને આરામની જિંદગી હવે બોજ જેવી લાગતી હતી.

સ્વર્ગમાં તેને બેચેની થવા લાગી. એ થોડુંક કામ કરીને પોતાનો દિવસ વિતાવવા માંગતો હતો. એક દિવસ તે દેવદૂતની પાસે ગયો અને તેને બોલ્યો હું જે કંઇ કરવા માંગતો હતો. તે બધુ કરીને જોઇ લીધું છે હવે તો મને ઊંઘ પણ આવતી નથી. હું કંઇક કામ કરવા માંગુ છું શું મને કામ મળશે ?

તમને અહીં આરામ કરવા માટે લાવવામાં આવ્યા છે. આ જ તો તમારા જીવનનું સ્વપ્ન હતું. માફ કરો, હું તમને કોઇ કામ નથી આપી શકતો દેવદૂત બોલ્યા. ગોપાલે ચિઢાઇને કહયું વિચિત્ર વાત છે. હું આ જીવનથી કંટાળી ગયો છું. હું આ રીતે મારો સમય નથી પસાર કરી શકતો.એના કરતા એ સારું રહેશે કે તમે મને નરકમાં મોકલી આપો.

દેવદૂતે ધીમેથી કહ્યું તમને શું લાગે છે તમે કયાં છો ? સ્વર્ગમાં કે નરકમાં ?

ગોપાલ બોલ્યો હું કંઇ સમજયો નહીં.

દેવદૂત બોલ્યા અસલી સ્વર્ગ એ જ હોય છે જયાં મનુષ્ય દિવસ રાત મહેનત કરીને પોતાના પરિવારનું ભરણપોષણ કરે છે. તેમની સાથે આનંદનો સમય વિતાવે છે. જે સુખ સુવિધાઓ મળે છે તેમાં તે ખુશ રહે છે. પણ તમે કયારેય આવું ન કર્યું. તમે તો કાયમ આરામ કરવાનું જ વિચારતા રહયાં.

જયારે તમે ધરતી પર હતા ત્યારે આરામ કરવા માંગતા હતા. હવે તમને આરામ મળી રહયો છે તો કામ કરવા માંગો છો. સ્વર્ગમાં આનંદથી કંટાળવા લાગ્યા છો.

ગોપાલ બોલ્યો કદાચ હવે મને સમજાય ગયું છે કે મનુષ્યએ કામના સમયે કામ અને આરામના સમયે આરામ કરવો જોઇએ. બંનેમાંથી એક પણ વસ્તુ વધુ આવી જાય તો જીવનમાં નીરસતા આવી જાય છે.

સત્ય છે કે મારા જેવા આળસું વ્યકિતઓ માટે એક દિવસ સ્વર્ગ પણ નરક બની જાય છે.

પીઠડિયા મિહિર પી. ધો-૩ C




## Back to School Word Search

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| O | D | T | N | K | D | O | S | L | O | O | H | C | S | F |
| I | F | E | G | G | N | I | D | A | E | R | F | I | Q | G |
| S | G | A | H | H | G | Y | R | A | R | B | I | L | P | H |
| R | H | C | C | P | T | P | H | R | G | P | H | E | O | J |
| E | J | H | L | O | J | A | J | E | H | O | J | A | G | L |
| T | B | E | A | I | K | O | M | W | J | I | K | R | N | A |
| U | K | R | S | R | E | P | A | P | S | W | E | N | I | P |
| P | L | S | S | Y | P | D | S | Q | D | Y | P | I | T | I |
| M | N | Q | E | T | I | T | N | Q | O | T | I | N | I | C |
| O | P | A | S | R | N | I | P | A | P | R | C | G | R | N |
| C | J | Z | E | E | D | U | C | A | T | I | O | N | W | I |
| N | L | Z | D | W | R | N | L | Z | L | W | R | L | Q | R |
| M | U | U | K | Q | E | M | T | C | K | Q | S | K | A | P |
| A | T | B | S | E | D | A | R | G | D | U | W | L | S | S |
| S | Y | V | L | S | S | S | Y | V | B | O | O | K | S | T |

See how many of these newspaper related words you can find in the puzzle.
The words can be forward, backward or diagonal.

| | | | |
|---|---|---|---|
| 1. STUDENTS | 5. LEARNING | 9. GRADES | 13. READING |
| 2. SCHOOLS | 6. NEWSPAPERS | 10. PRINCIPAL | 14. WRITING |
| 3. BOOKS | 7. BUS | 11. EDUCATION | 15. MATH |
| 4. COMPUTERS | 8. TEACHERS | 12. CLASSES | 16. LIBRARY |





## રંગીન નંબર પ્લેટનો અર્થ જાણો છો ?

આપણે ઘણી વાર રોડ પર જતી વખતે અલગ અલગ રંગની નંબર પ્લેટવાળી ગાડીઓ જોઈએ છીએ. કાળી, પીળી, વાદળી, લાલ રંગોની આ દરેક નંબર પ્લેસના અર્થ અલગ હોય છે. વાદળી નંબર પ્લેટ જે ગાડીઓ પર હોય, એ વિદેશી દૂતાવાસ અથવા યુએન મિશન માટે હોય છે. એના પર સફેદ રંગથી નંબર લખેલા હોય છે. કાળી નંબર પ્લેટવાળી ગાડીઓ મોટી હોટલો કોમર્શિયલ ઉપયોગ માટે રાખે છે. તે અહીં. માણસોને હોટલે લાવવા અને મૂકવા જવા માટે ઉપયોગમાં લેવાય છે. જેની નંબર પ્લેટ લાલ રંગની હોય છે એ રાજયપાલ અથવા રાષ્ટ્રપતિની હોય છે. સફેદ નંબર પ્લેટ સામાન્ય લોકોની ગાડી પર લગાવેલી હોય છે. પીળી નંબર પ્લેટ કોમર્શિયલ ઉપયોગમાં લેવાતી ટેક્સી અથવા ટ્રકો માટે હોય છે.

જાડેજા મેઘરાજસિંહ આર. ધો-૩ A

## પ્રાણીઓનો શકિતશાળી અવયવ : હૃદય



પ્રાણીઓમાં હૃદયએ શરીરમાં લોહીને ફરતું રાખતો મુખ્ય અવયવ છે. માણસનું હૃદય પંપ જેવું ચાર ખાનાનું બનેલું છે. હૃદય શરીરમાં અશુધ્ધ લોહી મેળવી ફેફસામાંથી આવેલું શુધ્ધ લોહી શરીરમાં મોકલે છે. આ કામ માટે તે સતત ધબકારા મારે છે.

નરમ અને સ્થિતિસ્થાપક સ્નાયુઓનું બનેલું હોવા છતાંય હૃદય મજબૂત અવયવ છે. માણસના શરીરમાં માણેસની મુઠ્ઠી જેવડાં કદનું હોય છે. હૃદય એક જ સતત ધબકે છે. પુખ્ત માણસનું વજન ૭૦ કિલોગ્રામ હોય તો તેના શરીરમાં પાંચેક લીટર લોહી હોય. શરીરમાં રકત વાહિનીઓની કુલ લંબાઈ લગભગ ૬૦૦૦૦ કિલોમીટર થાય.

હૃદય પાંચ લીટર લોહીને ૬૦૦૦૦ કિલોમીટરની સફર કરાવે છે. હૃદયના એક ધબકારાથી લોહી એક સેકંડના એકમીટરના વેગે ધમનીમાં ધકેલાય છે. હૃદય શરીરની જરૂરીયાત મુજબ ધબકારાની ઝડપથી વધારે કે ઘટાડે છે. વિવિધ પ્રાણીઓમાં હૃદયની રચના ભારે વિવિધતા વાળી છે. દેડકાનું હૃદય ૩ ખાનાવાળું હોય છે. તે લોહીને શુધ્ધ કરવા ફેફસા ઉપરાંત ચામડી તરફ પણ લોહી ધકેલે છે.

ટોળીયા ઋષિક જી. ૪-D

## સૌથી લાંબુ આયુષ્ય ધરાવતી વનસ્પતિ



પૃથ્વી પર વનસ્પતિ સૌથી લાંબુ આયુષ્ય ધરાવતો સજીવ છે. તેમાંથી કેલિફોનિયા નજીક મોજાવીના રણમાં થતી વનસ્પતિઓ આયુષ્યનો વિક્રમ સર્જયો છે. આ રણમાં કિંગકલોન નામની વનસ્પતિનો છોડ ૧૧૯૦૦ વર્ષનું આયુષ્ય ધરાવે છે અને આજે પણ હયાત છે. ૪૫ ફૂટના વ્યાસમાં ગોળાકાર વિસ્તારમાં ફેલાયેલા કિંગકલોનને ઝીણા પાન હોય છે.

પાન ઉપર મીણ જેવું આવરણ હોય છે.એટલે કે પાણીની અછતમાં પણ તે જીવિત રહે છે. આ અજાયબ વનસ્પતિ વિસ્તારમાં લોકોને જવાની મનાઈ છે. આ છોડ પર પીળા ફૂલ બેસે ત્યારે સુંદર દેખાય છે. કિંગ કલોનને પોતાની આસપાસ અન્ય વનસ્પતિને ઉગવા દેતી નથી તેવી માન્યતા છે.

જાડેજા પર્યાપ્તીબા એસ. ૫-A

## પહેલું વાયોલીન કયા બન્યું હતું ?



૧૬મી સદી દરમિયાન ઇટાલીમાં સૌથી પહેલું વાયોલીન બનાવાયું હતું. તે ચાર તારનું એક એવું સાધન હતું જેને ગળા પાસે ગોઠવીને તાર બાંધેલી લાકડીથી વગાડવામાં આવતું હતું. આમ કરવાથી તાર ધ્રુજતા અને તેની ફ્લેકિસબિલિટી મુજબ તેમાંથી મધુર સ્વર નીકળતો. તે પહેલા તારવાળા સાધનને તેના તાર રણઝણાવીને વગાડવામાં આવતું હતું. સૌથી પહેલા વાયોલીનની લાકડી સાવ પાતળી હતી. ધીરે ધીરે ઇટાલીયન માસ્ટર એન્ટોનિયો સ્ટ્રેડિવરીએ સંગીતના આ સાધનને વિશ્વમાં વધારે લોકપ્રિયતા અપાવી. તેણે ડિઝાઇન કરેલા વાયોલીન, ગિટાર વગેરે માટે આદર્શ મોડલ માનવામાં આવે છે. આજે લગભગ ૬૫૦થી વધારે મ્યુઝીકલ ઈન્સ્ટ્રુમેન્ટ આવે છે.

કાથરોટીયા કક્ષા સી. ૯ - C



## સૂર્યમાળાનો સુંદર ગ્રહ : શનિ

સુર્યમાળામાં રંગબેરંગી રીંગ ધરાવતો શનિ સુર્યથી છઠા ક્રમનાં ગેસનો બનેલો ગોળો છે ને પૃથ્વીથી ૯૫ ગણો મોટો છે. આસપાસ રંગરેરંગી રીંગ અને સોનેરી રંગનો આ ગ્રહ ટેલિસ્કોપમાં બહું સુંદર દેખાય છે.

શનિ કેન્દ્રમાં લોખંડના થોડા જથ્થાની આસપાસ ઘુમરાતા વાયુઓનો બનેલો વિરાટ ગોળો છે. વિજ્ઞાનીઓ માને છે કે, મધ્યમાં નકકર કેન્દ્રની આસપાસ શનિ પર એમોનિયા, મિથેન, પાણીની વરાળ વગેરેના ઘટ આવરણ છે. સપાટી પર હિલિયમ અને હાઇડ્રોજન અતિશય દબાણવાળું આવરણ તેને નકકર ગોળા જેવું સ્વરૂપ આપે છે. શનિ પર ઘટ વાદળોનું આવરણ છે અને લગભગ ૧૦૦૦ કિમીની ઝડપે પવન ફૂંકાય છે. પૃથ્વી પરનું કોઈપણ સજીવ શનિ પર જીવી શકે નહિ. શનિ ત્રાંસી ધરી પર ફરે છે. તેનો દક્ષિણ ગોળાર્ધ ઉત્તર ગોળાર્ધ કરતા વધુ ગરમ રહે છે. તે સૂર્યથી પૃથ્વીના પ્રમાણમાં લગભગ ૮૦૦ ગણો દૂર હોવાથી સપાટી પરનું તાપમાન માઇનસ ૧૭૫ ડિગ્રી રહે છે. પરંતુ સપાટી પરના હિલિયમને કારણે તેમાંથી પણ ગરમી પેદા થાય છે.

શનિ પૃથ્વી કરતા મોટો હોવા છતાંય તેની ઘનતા ઓછી છે. પરંતુ તેનું ગુરુત્વાકર્ષણ બળ વધુ છે. શનિનો ખડક પાણીમાં તરે એટલો હળવો હોય છે. શનિની રીંગ એની વિશિષ્ટતા છે સૌથી મોટી રીંગ બે લાખ કિલોમીટર જેટલી પહોળી અને થોડા હજાર ફૂટ જાડી છે. શનિને કુલ સાત રીંગ છે દરેક રીંગમાં બરફ અને ધૂળના રજકણો અને ટુકડા ચક્રાકાર ઘૂમે છે. શનિને ૪૦ કિલોમીટરથી વધુ વ્યાસવાળા ૬૨ ચંદ્રો છે.

મારકણા શ્રેયસ આર. ૮-B



## ઇલેક્ટ્રિક ટ્રામનો શોધક : ગ્રાનવિલ વૂડ્સ

રેલવેનું સ્ટીમ એન્જિન ક્રાંતિકારી શોધ ગણાય છે. તેની શોધ થયા પછી વિજ્ઞાનીઓએ તેમાં ઘણાં સુધારા કરી પેટ્રોલ અને ડિઝલ વડે ચાલતાં રેલવે એન્જિનો બનાવ્યા અને ત્યારબાદ વીજળી વડે ચાલતા ઇલેક્ટ્રિક એન્જિનની શોધ થઇ. ઇલેક્ટ્રીક વડે ચાલતા એન્જિન ઓવરહેડ વાયરમાંથી વીજળી મેળવીને ચાલે છે. રેલવે ટ્રેનનાં આધુનિકરણમાં ગ્રાનવિલ વૂડ્સ નામનાં વિજ્ઞાનીનો મહત્વનો ફાળો હતો.

ગ્રાનવિલ ટી. વુડ્સનો જન્મ અમેરિકાના કોલંબસ શહેરમાં ઇ.સ.૧૮૫૬ના એપ્રિલની ૨૩ તારીખે થયો હતો. ગરીબ પરિવારમાં જન્મેલો ગ્રાનવિલ દિવસે લુહારની દુકાનમાં કામ કરતો અને રાત્રી શાળામાં ભણવા જતો. અભ્યાસ પુરો થયા પછી તે નેબ્રાસ્કાની રેલવેમાં ફાયરમેનની નોકરીમાં રહ્યો. નોકરી સાથે કોલેજનો અભ્યાસ ચાલુ રાખી તે એન્જિનીયર બન્યો.

ઇ.સ. ૧૮૭૮માં ગ્રાનવિલને બ્રિટીશ જહાજમાં મુખ્ય એન્જિનીયર તરીકે નિમણૂંક મળી. ગ્રાનવિલે રેલવે ટ્રેનનો ઊંડો અભ્યાસ કરીને તેમાં વીજળીનાં ઉપયોગો શોધ્યા ટ્રેનનાં પાટાનો ઉપયોગ કરીને રેલવે સ્ટેશનોને ટેલિગ્રામ વડે જોડવામાં તેનો મુખ્ય ફાળો હતો. રેલવે લાઇન નજીક પસાર થતા વીજળીના તારમાંથી વીજળી મેળવીને ટ્રેન ચલાવવાની ટેકનોલોજી તેણે વિકસાવી અને ઓવરહેડ વાયરની ટેકનોલોજી શોધી. ગ્રાનવિલ વિજ્ઞાનજગતના બીનો એડિસન કહેવાય છે. ઇ.સ.૧૯૧૦ના જાન્યુઆરીની ૩૦ તારીખે તેનું આવસાન થયું હતું.

ઘુસર માનવ જે. ૮-B

## સવારે અને સાંજે આકાશ લાલ કેમ દેખાય છે ?



સામાન્ય રીતે આકાશ ભુરૂ દેખાય છે. સૂર્યપ્રકાશ સફેદ હોય છે. પરંતુ તેના સાત રંગ સમાયેલા છે. સૂર્યમાંથી નીકળેલા સૂર્યનાં કિરણો વાતાવરણમાં થઇને પૃથ્વી પર આવે છે ત્યારે વાતાવરણનાં જુદા જુદા થરમાંથી પસાર થઇ તેના સાત રંગોનું વિભાજન થઇ વિખેરાય જાય છે. સૌથી ઓછી તરંગલંબાઇનો ભૂરો રંગ વધુ ફેલાય છે અને તે જ આપણને દેખાય છે. પરંતુ સાંજે અને સવારે સૂર્યના ત્રાસા કિરણો પૃથ્વી પર પડે છે એટલે તેને લાંબુ અંતર કાપવું પડે છે. લાંબુ અંતર કાપવા માટે તેમાં સૌથી વધુ તરંગલંબાઇ ધરાવતો લાલ રંગ જ પૃથ્વી સુધી પહોંચે છે એટલે સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે આકાશ લાલ રંગનું દેખાય છે. પૃથ્વીનાં વાતાવરણ નાઇટ્રોજન, ઓકિસજન, કાર્બનડાયોકસાઇડ જેવા વાયુઓ તેમજ પાણીના ફોરા, ભેજનાં ટીપા તેમજ ધૂળની રજકણો પણ હોય છે. આ બધા થર પ્રકાશનાં કિરણોનું પરાવર્તન તેમજ વક્રીભવન કરતાં હોવાથી સૂર્યપ્રકાશની અનેક ઘટનાઓ જોવા મળે છે.

ખુંટ વૃષભ જે. ૧૧-B



# હિમાદાસ

હિમાદાસ એ ખૂબજ નાની વયે એ પ્રસિધ્ધિ મેળવનાર ભારતીય એથ્લેટ્સ છે. હિમાદાસનો જન્મ ૯ મી જાન્યુઆરી ૨૦૦૦ના રોજ આસામના કંગુલીમરી ગામ થયો હતો. તેનો માતા – પિતા રોજીદાસ અને જોનાલી દાસ ખેડૂત પરિવારનું સૌથી મોટા સંતાન હિમાદાસ પોતાનું શિક્ષણ આસામમાં મેળવ્યું હતું. તેઓ પોતાના અભ્યાસ દરમ્યાન છોકરાઓ સાથે ફૂટબોલ રમતા હતા તે પોતાની કારકિર્દી ફૂટબોલમાં બનાવવા માંગતા હતાં. પરંતુ થોડા સમયબાદ તેના સ્પોર્ટસટ્રેનરના માર્ગદર્શનમાં તેણીએ એથલેટીક તરફ કારકિંદી બનાવવાની દિશામાં મહેનત કરી હતી. ત્યાર બાદ તેઓ ગોહાટી ખાતે એથ્લેટીકસની તાલીમ મેળવી હતી અને દાસ ત્યાર બાદ ઈન્ટર કિસ્ટ્રીકટ કોમ્પીટીશનમાં બે ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. હિમાદાસે સ્ટેટ અને નેશનલ લેવલની ઘણી બધી સ્પર્ધામાં સફળતા મેળવી હતી. કોમન વેલ્થ ગેમ્સ ૨૦૧૮માં તેમણે ૪૦૦ મીટર એથ્લેટીકસ્પ્રીન્ટ અને ૪×૪૦૦ મીટર રીલેરેસમાં ભારતનું નેતૃત્વ કર્યુ હતું અને ૪૦૦ મી સ્પ્રીન્ટમાં તેણીએ કોમનવેલ્થ ગેમ્સમાં ફાઇનલમાં પહોચ્યા હતાં તાજેતરમાં ફીનલેન્ડ ખાતે આયોજિત અંડર-૨૦ વર્લ્ડ એથ્લેટીક ચેમ્પીયનશીપમાં તેઓ ૪૦૦ મીટર સ્પ્રીન્ટ રેસમાં ગોલ્ડ મેડલ મેળવી ભારત દેશનું ગૌરવ વધાર્યુ હતું.










**શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા વાલીશ્રીઓએ પણ આ મેગેઝીનમાં સ્વરચિત રચનાઓ (કવિતા, વાર્તા વગેરે) કે પોતાના વિચારો રજૂ કરવા માટે આવકારવામાં આવે છે. યોગ્ય કૃતિ કે વિચારને સ્થાન મળશે. મેગેઝીનમાં કૃતિ કે વિચાર પ્રકાશિત કરવા માટે આખરી નિર્ણય સંપાદકનો માન્ય ગણાશે.**

# Congratulations!

## પંચશીલ સ્કૂલના પ્રથમ સેમેસ્ટરના તારલાઓ

| Student's Name | Std. | Per. | Rank |
|---|---|---|---|
| **Makvana Mahi U.** | Nur. (Eng.) | 99.50% | 1 |
| **Khachar Girijaba B.** | Nur. (Eng.) | 99.00% | 2 |
| **Vaishnav Krisha S.** | Nur. (Eng.) | 98.50% | 3 |
| **Kotak Jeel G.** | LKG. (Eng.) | 99.00% | 1 |
| **Gupta Aarav C.** | LKG. (Eng.) | 98.50% | 2 |
| **Ashara Khushali A.** | LKG. (Eng.) | 98.00% | 3 |
| **Desai Purva N.** | HKG. (Eng.) | 98.80% | 1 |
| **Gajera Vilok D.** | HKG. (Eng.) | 98.00% | 2 |
| **Gohel Bhavin J.** | HKG. (Eng.) | 97.60% | 3 |
| **Talaviya Marvin S.** | Nur. | 99.50% | 1 |
| **Gohil Aaryan K.** | Nur. | 99.00% | 2 |
| **Dangar Hemin J.** | Nur. | 98.50% | 3 |
| **Khunt Shubh D.** | LKG - A | 99.33% | 1 |
| **Gohel Dirgh H.** | LKG - A | 99.00% | 2 |
| **Javiya Dhruvika J.** | LKG - A | 98.67% | 3 |
| **Limbasiya Siya C.** | LKG - B | 99.67% | 1 |
| **Bodar Siya C.** | LKG - B | 99.33% | 2 |
| **Vekariya Shlok V.** | LKG - B | 99.00% | 3 |

ખૂબી અને ખામી બંને હોય છે લોકોમાં તમે શું શોધ્યુ એ મહત્વનું છે.

Congratulations!

# પંચશીલ સ્કૂલના પ્રથમ સેમેસ્ટરના તારલાઓ

| Student's Name | Std. | Per. | Rank |
|---|---|---|---|
| **Harsoda Dhrumi C.** | HKG - A | 99.33% | 1 |
| **Bhogayara Deepkumar M.** | HKG - A | 99.00% | 2 |
| **Limbasiya Vidhi N.** | HKG - A | 98.66% | 3 |
| **Rathod Jiya M.** | 1 (Eng.) | 98.00% | 1 |
| **Mer Darsh J.** | 1 (Eng.) | 95.14% | 2 |
| **Chavda Vivaan J.** | 1 (Eng.) | 94.71% | 3 |
| **Pandya Yesha H.** | 2 (Eng.) | 98.14% | 1 |
| **Kabra Laksh R.** | 2 (Eng.) | 97.43% | 2 |
| **Kothari Madhav U.** | 2 (Eng.) | 94.86% | 3 |
| **Patel Aaditya M.** | 3 (Eng.) | 93.57% | 1 |
| **Ajudiya Kriva D.** | 3 (Eng.) | 92.71% | 2 |
| **Rathod Kanksha J.** | 3 (Eng.) | 90.57% | 3 |
| **Ghorecha Jenisha A.** | 4 (Eng.) | 96.86% | 1 |
| **Goswami Devanshi A.** | 4 (Eng.) | 95.29% | 2 |
| **Jadeja Kavyashriba J.** | 4 (Eng.) | 88.14% | 3 |
| **Hindocha Darsh M.** | 5 (Eng.) | 93.67% | 1 |
| **Bhatt Vandan A.** | 5 (Eng.) | 87.00% | 2 |
| **Gupta Abhishek C.** | 5 (Eng.) | 83.17% | 3 |

# Congratulations!

## પંચશીલ સ્કૂલના પ્રથમ સેમેસ્ટરના તારલાઓ

| Student's Name | Std. | Per. | Rank |
|---|---|---|---|
| Jogi Yug N. | 1 - A | 98.40% | 1 |
| Parsana Parikshit P. | 1 - A | 98.40% | 1 |
| Kiyada Maitrik D. | 1 - A | 98.20% | 2 |
| Limbasiya Griva D. | 1 - A | 98.20% | 2 |
| Khambhara Het S. | 1 - A | 98.00% | 3 |
| Bhatt Yami J. | 1 - A | 98.00% | 3 |
| Davda Ruhi P. | 1 - B | 97.80% | 1 |
| Kubavat Disha H. | 1 - B | 97.60% | 2 |
| Gamara Dev K. | 1 - B | 97.40% | 3 |
| Lathiya Manasvi H. | 1 - B | 97.40% | 3 |
| Gajera Shyam K. | 2 - A | 98.40% | 1 |
| Vagda Zakhi H. | 2 - A | 98.40% | 1 |
| Vanpariya Bhagy H. | 2 - A | 98.20% | 2 |
| Bavdecha Nishant V. | 2 - A | 98.00% | 3 |
| Desai Janvi P. | 2 - A | 98.00% | 3 |
| Zinzuvadiya Soham A. | 2 - B | 98.20% | 1 |
| Gami Kashyap N. | 2 - B | 98.00% | 2 |
| Talsaniya Manit V. | 2 - B | 97.80% | 3 |
| Vagadiya Keshavi S. | 2 - B | 97.80% | 3 |

સફળતાનું રહસ્ય એ છે કે, તમારા લક્ષને હંમેશા તમારી નજર સમક્ષ રાખો.

CONGRATS

# પંચશીલ સ્કૂલના પ્રથમ સેમેસ્ટરના તારલાઓ

| Student's Name | Std. | Per. | Rank |
|---|---|---|---|
| Gondaliya Mahi R. | 3 - A | 98.17% | 1 |
| Dhrangdhariya Kavya M. | 3 - A | 97.67% | 2 |
| Humbal Aaradhya S. | 3 - A | 97.00% | 3 |
| Jadeja Meghrajsinh R. | 3 - A | 97.00% | 3 |
| Garachh Mahek P. | 3 - B | 98.67% | 1 |
| Chotaliya kushal R. | 3 - B | 97.33% | 2 |
| Gajipara Heet L. | 3 - B | 97.17% | 3 |
| Raiyani Bhautika B. | 3 - B | 97.17% | 3 |
| Jariya Kabir K. | 3 - C | 96.83% | 1 |
| Chavda Kavya A. | 3 - C | 96.00% | 2 |
| Sheer Shruti D. | 3 - C | 94.33% | 3 |
| Kacha Jansi T. | 4 - A | 97.17% | 1 |
| Garadhariya Jeni R. | 4 - A | 94.67% | 2 |
| Meghani Krishna P. | 4 - A | 94.67% | 2 |
| Bhesdadiya Kavya J. | 4 - A | 90.33% | 3 |
| Varsani Khush J. | 4 - B | 97.17% | 1 |
| Zala Krishilraj M. | 4 - B | 93.83% | 2 |
| Kubavat Harshil P. | 4 - B | 93.83% | 2 |
| Ladani Jeni H. | 4 - B | 91.00% | 3 |

પોતાની શકિતઓ પર ભરોસો કરનાર કયારેય નિષ્ફળ નથી જાતો.

CONGRATS

# પંચશીલ સ્કૂલના પ્રથમ સેમેસ્ટરના તારલાઓ

| Student's Name | Std. | Per. | Rank |
|---|---|---|---|
| Solanki Navya M. | 4 - C | 94.67% | 1 |
| Tank Aaradhya V. | 4 - C | 94.50% | 2 |
| Dabhi Harshita C. | 4 - C | 93.67% | 3 |
| Chauhan Raj N. | 4 - D | 95.33% | 1 |
| Busa Arya M. | 4 - D | 94.50% | 2 |
| Toliya Rushik G. | 4 - D | 92.00% | 3 |
| Garachh Riddhi P. | 5 - A | 98.50% | 1 |
| Nimavat Griva B. | 5 - A | 97.88% | 2 |
| Panchasara Manal H. | 5 - A | 97.00% | 3 |
| Ajudiya Shaurya K. | 5 - B | 98.63% | 1 |
| Sidapara Manthan K. | 5 - B | 98.50% | 2 |
| Tank Dhruv N. | 5 - B | 97.88% | 3 |
| Harsora Sonaksh C. | 5 - C | 98.63% | 1 |
| Donga Hrushiraj A. | 5 - C | 91.88% | 2 |
| Muchhadiya Soham J. | 5 - C | 90.63% | 3 |
| Kholiya Palak V. | 5 - D | 93.25% | 1 |
| Dabhi Yug A. | 5 - D | 92.75% | 2 |
| Jariya Mehul N. | 5 - D | 92.13% | 3 |

Congratulations!

# પંચશીલ સ્કૂલના પ્રથમ સેમેસ્ટરના તારલાઓ

| Student's Name | Std. | Per. | Rank |
|---|---|---|---|
| Gajera Navya K. | 6 - A | 97.80% | 1 |
| Parsana Devarshi U. | 6 - A | 95.30% | 2 |
| Kiyada Angel D. | 6 - A | 94.50% | 3 |
| Joshi Savan S. | 6 - B | 96.90% | 1 |
| Dudhagra Deep N. | 6 - B | 96.80% | 2 |
| Peshavariya Dishank K. | 6 - B | 96.60% | 3 |
| Moliya Krish D. | 6 - C | 97.30% | 1 |
| Shekhada Sanket J. | 6 - C | 96.60% | 2 |
| Abhangi Sun S. | 6 - C | 96.00% | 3 |
| Rakhaiya Harshali S. | 6 - D | 97.20% | 1 |
| Saresa Viren P. | 6 - D | 96.60% | 2 |
| Makvana Mital R. | 6 - D | 93.60% | 3 |
| Chauhan Prachi N. | 7 - A | 96.40% | 1 |
| Chhaniyara Namita P. | 7 - A | 95.00% | 2 |
| Jadeja Gaytriba R. | 7 - A | 94.20% | 3 |
| Khunt Heer K. | 7 - A | 94.20% | 3 |
| Gohel Ram B. | 7 - B | 94.90% | 1 |
| Talsaniya Madhav H. | 7 - B | 94.60% | 2 |
| Padhiyar Kevin A. | 7 - B | 91.90% | 3 |

CONGRATS

# પંચશીલ સ્કૂલના પ્રથમ સેમેસ્ટરના તારલાઓ

| Student's Name | Std. | Per. | Rank |
|---|---|---|---|
| **Sanghani Bhavin S.** | 7 - C | 93.30% | 1 |
| **Bhut Bhavy D.** | 7 - C | 89.20% | 2 |
| **Pokar Harshil K.** | 7 - C | 88.40% | 3 |
| **Chitroda Khushi A.** | 8 - A | 95.10% | 1 |
| **Kukadiya Tanvi K.** | 8 - A | 93.30% | 2 |
| **Gosvami Tanvi P.** | 8 - A | 92.20% | 3 |
| **Ramani Miten A.** | 8 - B | 93.00% | 1 |
| **Motaliya Nikhil M.** | 8 - B | 89.40% | 2 |
| **Makvana Shrey A.** | 8 - B | 87.70% | 3 |
| **Gajipara Kunj L.** | 8 - C | 94.50% | 1 |
| **Boghara Neev P.** | 8 - C | 85.90% | 2 |
| **Aakola Tirth C.** | 8 - C | 84.30% | 3 |
| **Donga Kaushal K.** | 9 - A | 98.29% | 1 |
| **Vyas Vatsal T.** | 9 - A | 79.43% | 2 |
| **Pipaliya Kashyap N.** | 9 - A | 77.14% | 3 |
| **Ghorecha Divyesh A.** | 9 - A | 77.14% | 3 |
| **Bhagdev Kashyap K.** | 9 - B | 96.00% | 1 |
| **Manavadariya Prince V.** | 9 - B | 85.14% | 2 |
| **Panchasara Sujal H.** | 9 - B | 81.14% | 3 |

Congratulations!



# પંચશીલ સ્કૂલના પ્રથમ સેમેસ્ટરના તારલાઓ

| Student's Name | Std. | Per. | Rank |
|---|---|---|---|
| **Kathrotiya Kaksha C.** | 9 - C | 97.71% | 1 |
| **Ghoghari Tisha M.** | 9 - C | 95.43% | 2 |
| **Vadodariya Drashti C.** | 9 - C | 94.57% | 3 |
| **Bhalani Bhavy H.** | 10 | 96.67% | 1 |
| **Gohel Suraj P.** | 10 | 96.46% | 2 |
| **Sahani Shivam V.** | 10 | 96.25% | 3 |
| **Gadhiya Savan M.** | 11 - A | 82.29% | 1 |
| **Bhesaniya Ravi D.** | 11 - A | 81.43% | 2 |
| **Dhingani Meet M.** | 11 - A | 80.57% | 3 |
| **Khunt Vrushabh J.** | 11 - B | 95.14% | 1 |
| **Varu Hemanshi A.** | 11 - B | 93.14% | 2 |
| **Raiyani Aarshvi R.** | 11 - B | 92.00% | 3 |
| **Ramani Param S.** | 11 - B | 92.00% | 3 |
| **Chandegara Meghna R.** | 12 | 96.29% | 1 |
| **Chandegara Megha R.** | 12 | 95.71% | 2 |
| **Panchal Kunjal A.** | 12 | 92.14% | 3 |

## મારી વ્હાલી માં



- દરેક કલાકાર પોતાની કલાકૃતિને કંઇક નામ આપતો હોય છે.પરંતુ 'મા' જેવો બીજો કોઇ કલાકાર આ દુનિયામાં નથી, જે બાળકને જન્મ આપે છે તો પણ નામ પિતાનું આપે છે.
- તેરે બિના મે યે દુનિયા તો છોડ દુ, પર ઉસકા દિલ કૈસે દુઃખા દુ.
  જો રોજ દરવાજે પર ખડી કહતી હૈ, બેટા ઘર જલ્દી આ જાના
- યૌવન ચાલ્યુ જાય છે, પ્રેમ ઓસરી જાય છે, મિત્રતા ખરી પડે છે પણ માતાનો પ્રેમ સદા વધતો ને વધતો રહે છે.
- માતાનો ખોળો એટલે દુનિયાની સૌથી સલામત જગ્યા.
- ઓ 'મા' તમારા વહાલની વ્હાલાપ થી ઉઘડ્યા મારા અંતરના દ્વારને, મારી આંખોથી માણી મે સોનેરી સવારને
- ભગવાનને ભજવાથી 'મા' મળતી નથી, પરંતુ 'મા' જે ભજવાથી ભગવાન અવશ્ય મળે છે.



પ્રથમ પ્રણામ મારી મા ને કે જો,
માન્યું જેણે માટી ને રતન,
ભૂખ્યા રહી જમાડ્યા અમને,
કીધા જે અમ કાયા ના જતન


પીઠવા હાર્દી પી. ૭-A

## પ્રાર્થના ગીત



પર્વત તારા પહોળા ખંભા, સવાર તારી આંખ,
ઇશ્વર ! હું તને જોઉ છું,
ક્યાંક ક્યાંક ને ક્યાંક.
દરિયો તારું દિલ વિશાળુ : વૃક્ષો તારી વાત,
મેઘધનુષ્યના રંગોમાં તું રમી રહ્યો રળિયાત.
તું તરણાનો તારણહારો, ઝરણાનો તું નાદ,
ફૂલ ફૂલની રંગ સુગંધે તારી છે સોગાદ.
સિંહ વાઘને કોયલ, બુલબુલ, પતંગિયાને તમરાં,
સૂર્યચંદ્ર તારા આભે : અહીં આગિયા, ભમરાં.
રાડ ત્રાડને લાડની સાથે મોરપિંછનો સૂર,
સંતાકૂકડી રમતો રમતો રહે નજીકને દૂર.
અજવાળાનાં કાંઠા વચ્ચે અંધારાની નદી વહે,
એમા મારી હોડીને આ કોણ હંકારે ? તું જ કહે.

શુકલ વેદાંશી એમ. ૧૧-B




સંબંધોને એક તાંતણે બાંધે છે. જિંદગી મા બાપની તરફથી મળેલી ભેટ છે. જિંદગી કંઇક લે છે તો કંઇ આપે છે. જિંદગી બાળકો સાથે એક મજાક છે જિંદગી સુખ દુઃખનો એક પડછાયો છે. જિંદગી એક ક્રિકેટ મેચ છે. ક્યારેક વિકેટ તો ક્યારેક ફટકો જિંદગી હાર જીતની એક બાજી છે. જે તે મા જીતે સફળ જિંદગી છે. જિંદગી મજબૂતીથી જ પૂર્ણ ન કરો પરંતુ મજબૂતીથી જીતી જાણો !

ભાડેશીયા રિદ્ધી ડી . ૯-C

## ભાષા મારી ગુજરાતી છે.



માતા છે ગુજરાતી ધરતી,
વતન એ માટી છે.
એ માટીમાં મૂળ છે મારા,
ભાષા મારી ગુજરાતી છે.
આપણે એને સાચવી જાણીએ,
આપણને એ સાચવતી એ.
ધૂળ નથી એ ફૂળ આપણું,
ભાષા મારી ગુજરાતી છે.
મીઠા બોલા ગુજરાતી અમે...,
થોડામાં કહી દઇએ ઘણું.
ભૂલ ચૂક છે લેવી દેવી,
ભૂલ ત્યાંથી કરી ગણું.
અરે આવે કોઇ તો આવો કહીએ,
આવે આવો...
આવે કોઇ તો આવો કહીએ,
આવજો જ્યારે થાય વિદાય,
માનની પાછળ ભાઇ ને બહેન,
માન દઇને બોલાવાયા,
સંબોધનમાં સ્નેહ છલકતો,
હેતભર્યુ હરખાતી એ,
આપણા ગાંધી બાપુની ભાષા,
ભાષા મારી ગુજરાતી છે.

પીપળીયા ધ્રુવિલ ડી. ૧૧-A